# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૯/૨/૨૦૧૯

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડેપ્યુટી સેક્રેટરી)

---

# ચેમ્બરમાં 'પોસ્ટ બજેટ એનાલિસિસ ૨૦૧૯' વિષય ઉપર સેશન યોજાયુ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજરોજ નાનપુરા સમૃદ્ધિ ખાતે 'પોસ્ટ બજેટ એનાલિસિસ ૨૦૧૯' વિશે સેશન યોજાયુ હતુ. જેમાં નિષ્ણાત વકતા તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી વિરેશ રૂદલાલે ''ડાયરેકટ ટેક્ષ પ્રપોઝલ્સ ઇન ફાયનાન્સ બીલ ૨૦૧૯'' અને શ્રી દેવેન ચોકસીએ ''ઇનસાઇટ ઓન બજેટ એન્ડ બિયોન્ડ'' વિષય ઉપર વકતવ્ય રજૂ કર્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકારી પ્રારંભીક ઉદ્બોધન કર્યુ હતુ. શ્રી વિરેશ રૂદલાલે જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વચગાળાના બજેટમાં તમામ વર્ગના લોકોનું ધ્યાન રાખવામાં આવ્યુ છે. ખાસ કરીને આવકવેરાની મર્યાદા રૂપિયા અઢી લાખથી વધારીને રૂપિયા પાંચ લાખ કરી દેવામાં આવી છે. જેથી દેશના ખૂબ જ મોટા મધ્યમ વર્ગને રાહત થશે. લોકોને રૂપિયા ૪૦ હજારથી ૫૦ હજાર સુધીનુ સ્ટાન્ડર્ડ ડિડકશન મળી જશે. એટલે સ્ટાન્ડર્ડ ડિડકશનમાં સૂચવવામાં આવેલો રૂપિયા ૧૦ હજારનો વધારો આવકારદાયક છે.

શ્રી વિરેશ રૂદલાલે વધુમાં જણાવ્યુ હતુ કે પહેલા એક મકાનની વેલ્યુ નીલ ગણાતી હતી હવે બે મકાન સુધી ટેક્ષ લાગશે નહીં. એમાં પણ સંયુકત રીતે પતિ – પત્નીને રૂપિયા બે – બે લાખ એમ રૂપિયા ચાર લાખ સુધીનો લાભ મળશે. આથી લોકોને સ્વરહેઠાણની મિલકતનો લાભ થશે. જો કે, એક મકાનમાં પરિવાર રહેતુ હોય અને બીજુ મકાન ભાડેથી આપેલુ હશે તો ભાડેથી આપેલી મિલકત ટેક્ષેબલ ગણાશે. બિલ્ડરોને પણ એફોર્ડેબલ હાઉસિંગનો લાભ મળશે. રૂપિયા ૧૦ હજાર ઉપર ટીડીએસની મર્યાદા વધારીને રૂપિયા ૪૦ હજાર સુધીની કરવામાં આવી છે. આ પ્રકારનો લાભ લોકોએ બેન્કોમાં મુકેલી ફિકસ ડિપોઝીટ, સેવીંગ અને રિકરીંગ ઉપર પણ આપવો જોઇતો હતો.

શ્રી દેવેન ચોકસીએ જણાવ્યુ હતુ કે સરકારે વચગાળાના બજેટને સિમ્પલ ડોકયુમેન્ટ બનાવીને લોકોની સમક્ષ મુકી દીધુ છે. અત્યાર સુધીના બજેટ ખૂબ જ કોમ્પ્લીકેટેડ રહેતા હતા જે સામાન્ય વ્યકિતની સમજમાં જલ્દી આવતા ન હતા. પણ આ બજેટ બધાને જ સમજ પડે તેવુ છે. કારણ કે તેમાં ડેટાને ખૂબ જ સરળ ભાષામાં અને પ્રમાણિકતાની સાથે લોકોની સમક્ષ પ્રેઝન્ટ કરવામાં આવ્યુ છે. ફાયનાન્શીયલ અને વિઝન ડોકયુમેન્ટ અમલીકરણમાં સરળ થાય ત્યારે લોકોને વિશ્વાસ થાય છે. આવુ ડોકયુમેન્ટ વિશ્વમાં કોઇ દેશ રજૂ કરતુ નથી એમાં માત્ર ભારત પહેલું છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સરકારે વચગાળાના બજેટમાં આગામી દસ વર્ષનો રોડમેપ મુકી દીધો છે. જે છેલ્લાં ૩૦ વર્ષમાં કયારેય થયુ નથી. દેશની હાલની ૨.૬ ટ્રિલીયન ડોલરની ઇકોનોમીને આગામી પાંચ વર્ષમાં ૫ ટ્રિલીયન ડોલર સુધી લઇ જવાનુ વિઝન બજેટમાં મુકવામાં આવ્યુ છે, જે દસ વર્ષમાં ૧૦ ટ્રિલીયન ડોલર એટલે આગામી વર્ષ ૨૦૨૫ સુધીમાં દેશને સાઇઝ વાઇઝ ડબલ થવાની નેમ છે. જે રોકાણકારો માટે પણ બહુ જ સારી વાત છે. દેશમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ફોર ટાઇમ એક્ષ્પાન્ડ થઇ રહયો છે.

શ્રી ચોકસીએ વધુમાં કહયુ હતુ કે વચગાળાના બજેટમાં મનરેગા અને ખેડૂતો માટેની સ્કીમ મળીને કુલ રૂપિયા ૧ લાખ ૩૫ હજાર કરોડની ફાળવણી કરી છે. આથી કરદાતાઓને પહેલી વખત ખબર પડશે કે તેમના દ્વારા સરકારને ચૂકવવામાં આવતા કરના નાણા કયા જઇ રહયા છે. તેમણે વર્ષ ૧૯૮૪થી ૨૦૧૯ સુધીના આઠ – આઠ વર્ષના સમયગાળામાં શેર માર્કેટના પ્રોસ્પેકટીવ વિશે કરેલા એનાલિસિસ વિશે રોકાણકારોને સરળ ભાષામાં સમજણ આપી હતી.